GJAR020015942026

## -: ફો.પ.અ.નં.૨૦૯/૨૦૨૬ ના કામે   આંક ૧ તળે હુકમ :-

(૧) અરજદારે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ -૧૪૪(૩) મુજબ, અરજદારને  અરજી તા. ૧૫/૦૪/૨૦૨૫ થી ૧૫/૦૪/૨૦૨૬ સુધી કુલ ૧૨ માસના મકાન ભાડાના પેટે માસીક રૂ.૧,૦૦૦/- લેખે રૂ.૧૨,૦૦૦/- તથા સદર અરજીના ખર્ચના રૂ.૩,૦૦૦/- લેવાના બાકી નીકળતા હોઈ,એમ કુલ રૂ. ૧ ૫,૦૦૦/-વસુલ મેળવવા આ કામના સામાવાળા સામે હાલની અરજી કરેલ છે.

(૨) અરજદારની અરજી દાખલ થયા બાદ સામાવાળાને નોટીસ કાઢવામાં આવેલ, આમ, વારંવાર વોરંટ કાઢવા છતાં મુદતે સામાવાળા હાજર થયેલ નથી કે તેમજ કોઈ મુદત રીપોર્ટ રજુ રાખવામા આવેલ નથી. સદર કામે અરજદારના વિ.વ.શ્રીએ મૌખિક રજુઆત કરેલ છે કે સામાવાળા સામે અરેસ્ટ વોરંટ કાઢી પકડી લાવી અરજદારની બાકી રકમ વસુલ કરવડાવવી. ત્યારબાદ પણ ઘણી બધી મુદતો રાખવામા આવેલ હોવા છતા સામાવાળા હાજર  રહેલ નથી. આજરોજ કલાક ૫:૦૦ વાગ્યા સુધી પોકાર કરવા છતા સામાવાળા કે તેમના તરફે કોઈ વિ.વ.શ્રી હાજર રહેલ નહી કે કોઈ મુદત રીપોર્ટ પણ આવેલ નહી. જેથી આ હકીકતને ધ્યાને લેતા આ કામના સામાવાળા જાણીબુઝીને રકમ ચુકવવી ન પડે તે માટે કોર્ટમાં હાજર રહેલા નથી તેવુ ફલીત થાય છે. જેના કારણે અરજદારને ભરણપોષણની રકમ વગર હેરાન થવું પડે છે અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ -૧૪૪(૩) માં ઝડપી ભરણપોષણ મળી રહે તે માટે જે જોગવાઈ કરવામાં આવી છે તેનો હેતું બર આવતો નથી. સામાવાળાએ ક્રિ .પ.અ.નં.૨૧૦/૨૦૦૯ ના કામે તા. ૧૫/૦૩/૨૦૧૭ નારોજ સબંધીત કોર્ટે

અરજદારની ડોમેસ્ટીક વાયોલન્સ એકટની અરજીના કામે ભરણપોષણ તેમજ ખર્ચ અને વળતર અંગેનો આખરી હુકમ કરેલ તેમ છતા આજદીન સુધી સામાવાળાએ કોઈ પણ રકમ અરજદારને ચુકવી આપેલ નથી કે કોર્ટમાં હાજર પણ રહેલ નથી. આ કામના સામાવાળા અરજદારના પતિ છે જેથી નૈતિક રીતે સામાવાળા અરજદારનુ ભરણપોષણ કરવા બંધાયેલ છે તેમ છતા પણ સામાવાળાએ અત્રેની કોર્ટનો હુકમ હોવા છતા આજદીન સુધી પોતાના પત્ની એટલે કે આ કામના અરજદારને ભરણપોષણ પેટે કોઈ રકમ ચુકવી આપેલ હોય તેવુ રેકર્ડ ઉપરથી જણાતુ નથી કે તે અંગે રજુઆત કરવા માટે તેઓ જાતે કે તેમના વકીલ મારફતે કોર્ટમાં મુદતે ઉપસ્થિત રહેલ નથી. જેથી આ તમામ સંજોગોને ધ્યાને લેતાં આ કામના સામાવાળાને હવે વધુ સમય આપવો જરૂરી જણાતો નથી તેમજ આ અરજીની સુનાવણી વધુ સમય ટાળવી યોગ્ય જણાતી નથી. કેદના સમયગાળા સંબંધે સામાવાળાને સમય અને તક આપી અરજીની કાર્યવાહી વિલં બમાં મુકવાનો કોઈ અર્થ નથી. સામાવાળા જાતે કે વકીલશ્રી મારફતે કોર્ટમાં મુદતે હાજર રહેલ નથી ત્યારે સજા બાબતે સાંભળવાનો તેમનો હકક તેમણે સ્વેચ્છાએ જતો કરેલ છે, તેમ કોર્ટે માની લેવાનું રહે છે. અરજદારની બાકી રકમ પૈકી કોઈ રકમ સામાવાળાએ આજદિન સુધી ચુકવેલ નથી.નામદાર સુપ્રિમ કોર્ટે,પુનગુડી અને બીજાં વિરૂધ્ધ થાનગવેલ,૨૦૧૩(૧૦ ) સુપ્રિમ કોર્ટ કેસીસ, પૈજ નં.૬૧૮ ના કેસમાં ઠરાવેલ છે કે, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ –૧૪૪(૩) મુજબ ભરણપોષણની રકમ ચુકવવાની જવાબદારી એ સતત ચાલુ રહેતી જવાબદારી છે અને સામાવાળાને માસ દિઠ ૧ માસ પ્રમાણેના સમયગાળા માટે સજા કરી શકાય. તેથી ન્યાયના હિતમાં સામાવાળાને સજા કર્યા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. તેથી નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુકમ :–**

(૧)... આ કામના સામાવાળાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ ૪૫૮(૨) મુજબ ઉકત જણાવેલ હુકમના પેરા નં.૧ મા જણાવ્યા મુજબ કુલ ૧૨ માસના સમયગાળાની રકમ ન ભરવાના કસુર સબબ સામાવાળાને પ્રત્યેક માસના દિન -૧૫ પ્રમાણે ગણતા કુલ **૧૮૦ દિવસની સાદી** કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨)... સામાવાળા ચીમનભાઈ જીવાભાઈ પ્રજાપતિ,વડોદરા-એ/૩લકુલ ેશનગર સોસાયટી,વાસણા તળાવ સામે,ઓમ સોસાયટીની બાજુમાં,મધુર સ્કુલની પાછળ,ગોત્રી રોડ,મુ.પો.તા.જી.વડોદરા કનાઓને વોરન્ટ, હાલના હુકમની નકલ વગેરે પુર્તતા માટે મોકલવા.

(૩)... ડી.એસ.પી.શ્રી, અરવલ્લી, મુ. મોડાસાનાઓએ વ્યકિતગત રસ લઈ સામાવાળાને તાત્કાલિક અટક કરાવડાવી, અત્રેની કોર્ટમાં અમો નીચે સહી કરનારની રૂબરૂ રજુ કરાવડાવવા તજવીજ કરવી.

(૪)... આ હુકમ આજ તારીખ : ૦૧ લી માહે ઓગસ્ટ, સને ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૮/૨૬
મુ.મોડાસા

(સુરભી શર્મા)
અધિક જયુડી.મેજી.ફ.ક.
મોડાસા.

કોડનં.જી.જે.૦૧૫૭૧